# ઉદ્યોગ ભવન બ્લોક નં-૫ના પ્રથમ માળે વિકરાળ આગ

## વહેલી સવારે જીઆઈડીસી કચેરીની રીકવરી બ્રાંચમાં આગ લાગતા દોડધામ : આગની જવાળાઓમાં કચેરીનો સામાન સંપૂર્ણ બળીને ખાક, ગાંધીનગર ફાયર ટીમે સતત ત્રણ કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર શહેરના ઘ-૪ પાસે આવેલા ઉદ્યોગ ભવનના બ્લોક નં-૫ ના પ્રથમ માળે જીઆઈડીસીની ઓફિસમાં રવિવારની વહેલી સવારે અચાનક આગ લાગી હતી. ઉદ્યોગ ભવનના સિક્યુરીટી સ્ટાફે ફાયર વિભાગને જાણ કરતા તાત્કાલીક મહેશ મોડ સહિતની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ભયાનક આગને પગલે ગાંધીનગર ફાયર બ્રિગેડ સહિત કલોલ અને માણસાની પણ ગાડીઓ બોલાવી હતી. આગની જવાળાઓ દુર દુર સુધી દેખાતી હતી. ફાયરના કર્મચારીઓએ ૬ ગાડી વડે હજ્જારો લીટર પાણીનો મારો ચલાવતા ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. આગમાં કચેરીનો સામાન બળીને સંપૂર્ણ પણે ખાક થઈ ગયો હતો. જયારે ઉદ્યોગ ભવનના બ્લોક નં-૫ અન્ય માળ પણ ધુમાડાથી કાળા થઈ ગયા હતા. જો કે વિકરાળ આગ પર ફાયર ટીમે સમયસર કાબુ મેળવી લીધો નહીંતર આગની લપેટમાં અન્ય કચેરીઓ પણ આવી જવાની શકયતાઓ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ઉનાળાની સિઝનમાં આગના બનાવ સામે આવે છે.તાજેતરમાં જ સેકટર-૨૧ પેટ્રોલ પંપ પાસે કાર આગમાં લપેટાઈ ગઈ હતી, તો બીજીતરફ શાહપુર બ્રિજ પાસે ટ્રકમાં આગનો બનાવ બન્યો હતો. ત્યારે ઉદ્યોગ ભવનના બ્લોક નં.૫ જીઆઈડીસી કચેરીની રીકવરી બ્રાંચમાં વહેલી સવારે ભયાનક આગ ભભુકી ઉઠી હતી. આગે એટલુ વિકરાળ સ્વરુપ ધારણ કર્યુ હતું કે દુરદુર સુધી તેના ધુમાડા જોઈ શકાતા હતા. ઉદ્યોગ ભવનના સિક્યુરીટી ગાર્ડ દ્વારા ગાંધીનગર ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. જેથી બનાવ સ્થળે ફાયર ઓફિસર મહેશ મોડ સહિત ફાયર જવાનો તાત્કાલીક પહોંચી ગયા હતા. આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા કલોલ અને માણસાની ફાયર ટીમને બોલાવવી પડી હતી. ફાયરની ૬ ગાડીઓ દ્વારા હજ્જારો લીટર પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે અમદાવાદથી પણ ટીમ આવી પહોંચી હતી પરંતુ તે પહેલા આગ કાબુમાં આવી ગઈ હતી. જયારે ઓફિસમાં રહેલ સામાન આગની જ્વાળાઓમાં સ્વાહા થઈ ગયો હતો. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. ઉલ્લેખનીય છે કે ઉદ્યોગ ભવન ખાતે જે ફાયર સિસ્ટમ લાગેલી છે, તે કાર્યરત હતી. પરંતુ ફાયર સિસ્ટમ જે રીતે ઝડપી કામગીરી કરવી જોઈએ તે રીતે કામ નથી કરતી. જેને પગલે ગાંધીનગરના ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા ઉદ્યોગ ભવન ખાતે અગાઉ નોટીસ પણ આપવામાં આવી હતી અને તેમાં જણાવાયું હતું કે ઉદ્યોગ ભવનમાં અદ્યતન વ્યવસ્થિત ફાયર સુવિધાના સાધનો વસાવવામાં આવે.



## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



હજુ તે મારા ઉધાર પૈસા નથી આપ્યા... આ તો સરકારે સોશિયલ ડીસ્ટન્સ રાખવાનો કાયદો રાખ્યો છે ત્યાં સુધી બચવાનો... પછી તો તું જો...!!

# સરગાસણ સેફઝોન ઈલેક્ટ્રોનિક્નું શટર ઉંચુ કરી ૧૨ મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા. ૩૧

ન્યુ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં પ્રમુખ ૧૫૫ કોમ્પલેક્ષમાં આવેલી દુકાન સેફઝોન ઈલેક્ટ્રોનિક શૉ રૂમનું શટર ઉંચુ કરી શૉ રૂમની અંદરનો ટફન ગ્લાસ તોડી અંદર પ્રવેશ કરી ચોર ઈસમોએ વિવિધ કંપનીના ૧૨ નંગ મોબાઈલ લઈ છુમંતર થઈ ગયા છે.

બનાવ અંગે સેફઝોનના મેનેજરની ફરીયાદના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ




ફરીયાદી વિજય ત્રિકમભાઈ પટેલ વાવોલ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે અને સરગાસણ પ્રમુખ કોમ્પલેક્ષમાં દુકાન નં. ૧ સેફઝોન ઈલેક્ટ્રોનિક સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે સવારે આઠ વાગે શૉ રૂમ ખોલ્યો હતો અને સાંજે ૪ વાગે બંધ કરી દીધો હતો. જ્યારે આજે સવારે ૮ વાગે શૉ રૂમ ખોલવા માટે આવ્યા અને જોયુ તો શૉ રૂમનું એક શટર ઉંચુ થયેલુ હતુ જેથી ફરીયાદીએ શૉ રૂમના માલીક કૌશીકભાઈ પટેલ અને અન્ય સ્ટાફને જાણ કરતાં શૉ રૂમ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ શટર ઉંચુ કરીને જોતાં શૉ રૂમમાં પ્રથમ લગાવેલ ટફનગ્લાસ તુટેલો હતો અને કાઉન્ટરમાં રાખેલ સામાન પણ વેરવિખેર હતો. શૉ રૂમમાં તપાસ કરતાં સેમસંગ, વીવો, એપો સહિતની કંપનીના ૧૨ નંગ મોબાઈલની ચોરી થવા પામી છે. આ મોબાઈલની કિંમત ૨,૩૯,૮૭૭ ચોરી અંગે મેનેજરની ફરીયાદ નોંધી પોલીસે ચોર ઈસમોને પકડવા તજવીજ હાથ ધરી છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ગાડીમાંથી વિદેશી દારુ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,તા.૩૧

હિંમતનગર-ચિલોડા હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન નિશાન સન્ની ગાડીમાંથી દારુની બોટલ નંગ-૨૪ અને બિયરના ટીન નંગ-૪૮ પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દારુ-બિયર અને ગાડી મળીને કુલ રૂ. ૨,૩૦,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી એક વ્યકિતની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એચ.સોલંકી, હે.કો. દિગ્વિજયસિંહ,ભાવિકકુમાર, હિતેશકુમાર, પોકો.કિરણકુમાર, મિલનભાઈ, અલ્તાફભાઈ, કરમણભાઈ, વિજયસિંહ અને કીરણકુમાર આ દિશામાં પ્રયત્નશીલ હતા.ત્યારે ચંદ્રાલા હાઈ વે માર્ગ આગમન હોટલ પાસે વાહન ચેંકીગ કરી રહ્યા હતા.ત્યારે હિંમતનગર તરફથી આવી રહેલી નિસાન સન્ની કાર નં. જી.જે.૨૭.સી.-૭૦૬૪ માંથી વિદેશી દારુની ૨૪ બોટલ અને બિયરના ટીનનંગ ૪૮ મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે રૂ. ૨૭,૬૦૦ના દારુ બિયરના ટીન જપ્ત કરીને નિશાન સન્ની ગાડી કિંમત રૂ. ૨ લાખ, ૩ હજારના ત્રણ મોબાઈલ કિ.૩૦૦૦ મળીને કુલ રૂ. ૨,૩૦, ૬૦૦ના મુદ્દામાલ સાથે એક વ્યકિતની અટકાયત કરાઈ છે.પોલીસે તે યુવકને તેનું નામ પછતા અમિત ઘનશ્યામભાઈ ઠક્કર (જે-૧૪ સાયોના સીટી વિભાગ-૪ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. ચિલોડા પોલીસ બનાવ અંગે પ્રોહિ એકટ મુજબ કેસ કરી કાયદેસરની કાર્યવાહ હાથ ધરી છે.

# જિલ્લામાં વિદેશથી આવેલા ૫૫૩ ગુજરાતી નાગરિકોને ક્વોરેન્ટાઇન ફેસીલીટી કરાયા

## વિદેશથી આવેલા ૫૫૩ નાગરિકોમાંથી ૧૪૭ નાગરિકોએ સરકારી ફેસીલીટી અને ૪૦૬ નાગરિકોએ ગાંધીનગરની ખાનગી ફેસીલીટીને પસંદ કરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ૩૦ મી મે, ૨૦૨૦ સુધીમાં વિદેશથી આવેલા ૫૫૩ ગુજરાતીઓને ક્વોરેન્ટાઇન ફેસીલીટી પર લાવવામાં આવ્યા છે. આ તમામ વિદેશથી આવેલા નાગરિકોમાંથી ૪૦૬ નાગરિકોએ પેઇડ ક્વોરેન્ટાઇન ફેસીલીટીમાં રહેવાનું પસંદ કર્યુ છે. ૧૪૭ વિદેશી નાગરિકોએ સરકારી ફેસીલીટીમાં રહેવાનું પસંદ કર્યું છે. તેમજ ૧૪૪ વિદેશથી આવેલા નાગરિકોએ પોતાનો ક્વોરેન્ટાઇન સમય પૂર્ણ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવતાં વિદેશથી આવેલા ગુજરાતી નાગરિકોને તેમના ૧૪ દિવસના ક્વોરેન્ટાઇન ફેસેલીટી માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા વિદેશથી પરત ફરનાર નાગરિકોને તેમનો આ સમયગાળો સરળતાથી પસાર થાય અને તેમના આરોગ્યની ચકાસણી યોગ્ય રીતે થાય તેની કામગીરી ૧૧ સભ્યોની કમીટી દ્વારા કરવામાં આવી રહી છે.

૧૨મી મે ૨૦૨૦ થી ૩૦ મી મે,૨૦૨૦ સુધીમાં ગાંધીનગરમાં કુલ ૫૫૩ અલગ અલગ ગુજરાત રાજયના જિલ્લાના વિદેશથી આવેલા નાગરિકોને ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. જેમાંથી ૪૦૬ નાગરિકોએ ગાંધીનગર જિલ્લાની અલગ અલગ સ્થળોએ નક્કી કરેલી પેઇડ ફેસીલીટીમાં રોકવાનું પસંદ કર્યુ છે. તેમજ ૧૪૭ વિદેશીથી આવેલા ગુજરાતીઓએ તંત્ર દ્વારા ઉભી કરવામાં આવેલ એલ.ડી.આર.પી. કોલેજ ખાતેની ફેસીલીટીમાં રોકાવવાનું પસંદ કર્યુ છે.

આ તમામ લોકો ગાંધીનગર ખાતે ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. જયાં તેમના આરોગ્યની ચકાસણી, રહેવા, જમવા જેવી તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. હાલમાં ૫૫૩ માંથી ૪૦૯ વિદેશથી આવેલા નાગરિકો ક્વોરેન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યા છે. બાકી ૧૪૪ વિદેશથી આવેલા ગુજરાતી નાગરિકોનો ક્વોરેન્ટાઇન સમય પુર્ણ થતાં તેમને રજા આપવામાં આવી છે.

# ક્યા નામે લખવી કંકોતરીપ? "ઈન્ડિયા" કહો કે 'ભારત' કે પછી 'હિન્દુસ્તાન', ટપાલ મળી જશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન્યૂ ઈન્ડિયાનો કન્સેપ્ટ લઈને આવ્યા છે ત્યારે દિલ્હીના એક નાગરિકે ઈન્ડિયાનું નામ બદલીને ભારત અથવા હિન્દુસ્તાન કરવાની માગણી કરી છે. સુપ્રીમ કોર્ટ ૨જી જૂનના રોજ બંધારણીય રીતે દેશના અંગ્રેજી નામ ઈન્ડિયાને ભારતમાં બદલવા અંગેની અરજી પર સુનાવણી કરવાની છે. આ સુનાવણી ચીફ જસ્ટીસ એસએ બોબડેની અધ્યક્ષતાવાળી બેન્ચમાં થવાની છે. આ અરજીમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ એવી માગણી કરવામાં આવી છે કે સરકાર અનુચ્છેદ-૧માં બદલાવ કરવાનો નિર્દેશ કરે, કેમ કે તેમાં દેશના નામનો ઉલ્લેખ છે. અરજદારનું કહેવું છે કે નામ બદલવાથી આપણને તાનાશાહી ભૂતકાળથી છૂટકારો મળશે અને સ્વતંત્રતા આંદોલનમાં સેનાનીઓનું બલિદાન સાર્થક બનશે. મહત્વની બાબત એવી છે કે અરજીમાં અનુચ્છેદ-૧માં સામેલ જોગવાઇ અંગે ૧૯૪૮માં થયેલી બંધારણસભાની ચર્ચાનો પણ ઉલ્લેખ છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે બંધારણસભામાં દેશનું નામ ભારત અથવા હિન્દુસ્તાન કરવાના પક્ષમાં મજબૂત લહેર ઉઠી હતી. એ સમય આવી ગયો છે કે દેશને તેની સાચી ઓળખથી જોવામાં આવે. આપણી સરકારો પણ દેશના શહેરોના નવા નામ બદલીને પ્રાચીન નામથી ઓળખ આપી રહી છે. આ પહેલાં મહારાષ્ટ્રના સામાજીક કાર્યકર નિરંજન ભટવાએ સુપ્રીમ કોર્ટમાં પિટીશન ફાઈલ કરી હતી અને તેમાં તેમણે જણાવ્યું હતું કે દેશનું નામ ઈન્ડિયા થી બદલીને ભારત કરવું જોઈએ. ગુજરાતી ભજનના શબ્દો છે કે—હરિ તારા નામ છે હજાર, ક્યા નામે લખવી કંકોતરી.. આજે ઈન્ડિયા માટે એવું કહેવાય છે પરંતુ ત્રણેય નામોથી ટપાલ તો મળી જાય છે...

**● આપણા દેશના ત્રણ નામ કેમ પડ્યાં છે...**

ભગવાન રામચંદ્રના પૂર્વજ સમ્રાટ ભરત ચક્રવર્તી હતા. તેમનું સામ્રાજ્ય કાશ્મિર થી કન્યાકુમારી સુધી વ્યાપેલું હતું. તેમના નામ પરથી ભારત પડ્યું છે. અન્ય એક મત પ્રમાણે જ્યારે આર્યો આ દેશમાં આવ્યા ત્યારે તેઓ કબીલાના રૂપમાં અલગ અલગ હિસ્સામાં ફેલાઇ ગયા હતા. એક મોટો કબીલો ભારત કહેવાતો હતો તેથી ભારત નામ પડ્યું હોવાનું પ્રચલિત બન્યું છે. હિમાલયના પશ્ચિમમાં સિંધુ નદી વહે છે અને એક મોટો જમીની હિસ્સો તેનાથી ઘેરાયેલો છે. આ જમીન હિસ્સાને સિંધુ ઘાટી કહેવામાં આવે છે. આ ઘાટીની સભ્યતા બહુજ પ્રસિદ્ધ છે. મધ્યયુગમાં જ્યારે તુર્કિસ્તાનથી કેટલાક વિદેશી લુટેરાઓ અને ઈરાની લોકો દેશમાં આવ્યા ત્યારે સૌ પ્રથમ તેમણે સિંધુ ઘાટીમાં પ્રવેશ કર્યો હતો. આ વિસ્તારના લોકોએ તેમને હિન્દુ નામ આપ્યું હતું, જે સિંધુનું અપભ્રંશ છે. હિન્દુઓના દેશને તેમણે હિન્દુસ્તાનના નામથી પ્રચલિત કર્યો હતો. બીજી તરફ સિંધુ નદીને ઈન્ડસ વેલી પણ કહેવાતી હતી. સિંધુ ઘાટીની સભ્યતા રોમની સભ્યતા જેટલી પ્રસિદ્ધ હતી અને આખા દેશમાં ફેલાયેલી હતી. ઈન્ડસ વેલીના કારણે દેશનું નામ ઈન્ડિયા પાડવામાં આવ્યું છે. ભારતવર્ષને ભારતખંડ, આર્યાવર્ત, હિન્દુસ્તાન, ઈન્ડિયા, હિન્દ, ભારત અને જંબુદ્વિપના નામથી ઓળખવામાં આવે છે.

**● ધાર્મિક કથાઓમાં જંબુદ્વીપનું વર્ણન છે...**

**શ્રીલંકાનું નામ સીલોન હતું પરંતુ ૧૯૭૨માં લંકા અને ૧૯૭૮માં આગળ શ્રી નો ઉલ્લેખ થયો હતો**

**સિંધુ નદીને ઇન્ડસ વેલી કહેવાતી હતી તેથી અંગ્રેજોએ તે નામનો ઉપયોગ ઇન્ડિયા તરીકે કર્યો**

ધાર્મિક કથાઓમાં જંબુદ્વીપનું વર્ણન આવે છે. કથાવાચક પુરોહિત જ્યારે મંત્રોનું ઉચ્ચારણ કરે છે ત્યારે જંબુદ્વીપે ભારતખંડે એવું વર્ણન કરે છે. આજે ભારતની જે ભૂગોળ છે તેમાં જંબુદ્વીપને સમજવું મુશ્કેલ છે. જંબુદ્વીપની આસપાસ છ દ્વીપ પ્લક્ષ, શાલ્મલી, કુશ, કૌંચ, શાક અને પુષ્કર એવા સાત દ્વીપ હતા. જંબુદ્વીપ ધરતીની મધ્યમાં સ્થિત છે અને તે તેના મધ્યમાં ઈલાવૃત નામનો દેશ છે જેમાં આજે કઝાકિસ્તાન, રશિયા, માંગોલિયા અને ચીનના મધ્યભાગ આવે છે. આ ઈલાવૃતના મધ્યમાં સુમેરૂ પર્વત આવે છે. ઈલાવૃતની દક્ષિણમાં કૈલાસ પર્વત પાસે ભારતવર્ષ આવે છે. જંબુદ્વીપમાં હિન્દુસ્તાન સહિત ૨૦ દેશો આવે છે. એટલે કે જંબુદ્વીપથી ભારતવર્ષ નાનું છે પરંતુ આજે જંબુદ્વીપ નથી અને ભારતવર્ષ પણ નથી પરંતુ એવું કહેવાય છે કે પહેલાં સંપૂર્ણ હિન્દુ જાતિ જંબુદ્વીપ પર શાસન કરતી હતી. કાળક્રમે આ શાસન ઘટીને ભારતવર્ષ સુધી સિમિત થઈ ગયું હતું, કૌરવ-પાંડવોની લડાઈ પછી આર્યાવર્ત નામના એક ક્ષેત્રનો જન્મ થયો હતો જેમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો હિસ્સો હિન્દુસ્તાનમાં આવતો હતો.




**● ઇન્ડિયા પ્રચલિત થવા પાછળ અનેક કારણો...**

ઈન્ડિયા નામ પ્રચલિત થવા પાછળ અનેક કારણો છે. જ્યારે અંગ્રેજો દેશમાં આવ્યા ત્યારે હિન્દુસ્તાન અથવા તો હિન્દનું ઉચ્ચારણ કરવામાં તેમને બહુ તકલીફ પડી હતી. અંગ્રેજોએ તેનો ઉકેલ પ્રાપ્ત કરી લીધો. તેમણે ખબર પડી કે સિંધુ ઘાટીનું નામ ઈન્ડસ વેલી પણ છે તેથી તેમણે દેશનું નામ ઈન્ડિયા આપી દીધું હતું અને સમગ્ર વિશ્વમાં દેશ ઈન્ડિયાથી જાણીતો થયો હતો. અન્ય એક મત પ્રમાણે જ્યારે એલેકઝાન્ડર ભારત આવ્યા ત્યારે તેમણે અંગ્રેજીમાં હિન્દુમાંથી એચ હટાવીને દેશને ઈન્દુ નામ આપતાં પછીથી ઈન્ડિયા થઈ ગયું હતું. જો કે સંવિધાનમાં દેશનું નામ ભારતવર્ષ છે. ભારત દેશમાં અંગ્રેજોએ જેટલો સમય શાસન કર્યું તેમણે ભારત નહીં ઈન્ડિયા શબ્દપ્રયોગ કર્યો છે.

**નામ બદલવાની પ્રક્રિયા જે તે સમયે થવી જોઇતી હતી, હવે સુપ્રીમ કોર્ટમાં મુદ્દો આવી ગયો છે**

**● સર્વદમનનું નામ ભરત પડ્યું હોવાનો ઇતિહાસ...**

મહારાજા દુષ્યંત અને શકુન્તલાના મહાપ્રતાપી પુત્ર મહારાજા ભરત થઈ ગયા હતા. રાજા દુષ્યંત અને રાણી શકુન્તલા તેમજ તેમના પુત્ર ભરતનો ઉલ્લેખ મહાભારતમાં મહર્ષિ વેદવ્યાસે કર્યો છે. અતિ પ્રાચીન કાળમાં દિવ્ય ગુણોથી સંપન્ન યશસ્વી મહારાજા પુરૂ થયા હતા, જેમના નામથી પુરૂવંશ અને ચંદ્રવંશ ચાલ્યો હતો. તેમની પત્નીનું નામ પૌષ્ટી હતું. આ કુળમાં વીર્યવાન દુષ્યંતનો જન્મ થયો હતો અને તેમણે કણ્વ ઋષિની પુત્રી દેવી શંકુન્તલા સાથે ગાંધર્વ વિવાહ કર્યો હતો. દુષ્યંતનો પુત્ર ભરત તેમનો ઉત્તરાધિકારી બન્યો હતો. કહેવાય છે કે ભરતનું નામ પહેલાં સર્વદમન હતું. શુદ્ધ મહાભારત ગ્રંથના રચનાકાર પ્રો. સંતરામ બીએ એ મહાભારતના આદિપર્વના અધ્યાય ૭૪ના આધારમાં લખ્યું હતું કે મહારાજા દુષ્યંત અને તમામ જનતાએ સર્વદમનનું નામ ભારત રાખ્યું હતું. આ ભરતના નામથી ભરતકુળ થયું છે. ભરતના સમયમાં દેશમાં ધર્મ પ્રચાર, વિદ્યા પ્રચાર અને વીરતાનો સંચાર થયો હતો. ભરતને વૈદિક યજ્ઞો પર શ્રદ્ધા હતી.

**● પ્રાચીન ગ્રંથોના નામકરણમાં ભારત આવે છે...**

ભારતવંશી કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધની ગાથાને વેદવ્યાસે મહાભારતના રૂપમાં લખી છે તેથી પણ દેશના નામની ઉત્પત્તિ ભારત શબ્દથી થઈ હોવાનું પણ માનવામાં આવે છે. ભારત શબ્દ આપવાનું શ્રેય વેદવ્યાસને જાય છે. માન્યતા છે કે ભરતના નામથી આ દેશનું નામ ભારત રાખવામાં આવ્યું છે. ભારતથી પણ પ્રાચિન એક નામ આર્યાવર્ત છે, કારણ કે આર્યો આવીને વસ્યા હોવાથી તેમજ તેઓ રહેતા હોવાથી દેશનું પૌરાણિક નામ આર્યાવર્ત છે. ઈતિહાસમાં કહેવાય છે કે આર્યાવર્ત પહેલાં દેશનું કોઈ નામ ન હતું, એટલું જ નહીં આર્યો પહેલાં આ દેશમાં અન્ય કોઈ મનુષ્ય અહીં રહેતા ન હતા.

**● ભારત નામનો શ્રેય મહર્ષિ વેદવ્યાસને જાય છે...**

રામાયણ અને મહાભારત એ ઈતિહાસના અતિ પ્રાચીન ગ્રંથ છે. આ ગ્રંથની રચના મહર્ષિ વાલ્મિકી અને મહર્ષિ વેદવ્યાસે કરી છે. મહાભારતનું યુદ્ધ ૫૧૫૦ વર્ષ પહેલાં પૂર્વ કુરૂક્ષેત્રની ભૂમિ પર પાંડવો અને કૌરવો વચ્ચે થયું હતું. આ યુદ્ધના કેટલાક સમય બાદ મહર્ષિ વેદવ્યાસે ભારત નામથી આ યુદ્ધ પર આધારિત એક ઐતિહાસિક ગ્રંથની રચના કરી હતી જેમાં ૨૪૦૦૦ જેટલા શ્લોક છે. આ હકીકત વેદવ્યાસે કહી છે અને લખી છે, પરંતુ સમય જતાં તેમાં વિસ્તાર થતો ગયો અને મહાભારતમાં શ્લોકની સંખ્યા ૧.૨૫ લાખ થઈ છે. આજે ઈતિહાસ સાક્ષી છે કે મહર્ષિઓએ સમજી વિચારીને ભારત શબ્દનો ઉપયોગ કર્યો છે. પંડિત ભગવત દત્તના સમાન આચાર્ય રામદેવજી પણ આર્યજગતમાં અભૂતપૂર્વ વક્તા, શિક્ષાશાસ્ત્રી અને સાહિત્યકાર થયા હતા. તેમણે ત્રણ ખંડોમાં ભારતવર્ષનો બ્રુહદ ઈતિહાસ લખ્યો છે જેમાં રામાયણકાળ, મહાભારતકાળ અને પ્રાચીન ઈતિહાસ સામેલ છે. આ ગ્રંથોના નામકરણમાં ભારત નામનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**● પ્રસિદ્ધ વિશ્નુ પુરાણમાં પણ લખ્યું છે કે...**

૧૮ પુરાણોમાં વિશ્નુ પુરાણનું કદ નાનું છે પરંતુ તેનું મહત્વ પ્રાચીન સમયથી વધુ માનવામાં આવે છે. સંસ્કૃત વિદ્વાનોની દ્રષ્ટીએ તેની ભાષા ઉંચા દરજ્જાની, સાહિત્યિક, કાવ્યાત્મક ગુણોથી સભર અને પ્રસાદમયી છે. આ પુરાણમાં જે તે સમયે ૭૦૦૦ શ્લોક ઉપલબ્ધ હતા પરંતુ સમય જતાં શ્લોકની સંખ્યા ૨૩૦૦૦ થઈ છે. આ પુરાણ છ ભાગોમાં વહેંચાયેલું છે. આ પુરાણમાં ભારતવર્ષને કર્મભૂમિ કહીને તેની મહિમાનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

**ઉત્તરં યત્સમુદ્રસ્ય હિમાદ્રેશ્ચૈવ દક્ષિણમ્ ।**
**વર્ષં તદ્ ભારતં નામ ભારતી યત્ર સંતતિઃ॥**

(એટલે કે જે દેશ સમુદ્રના ઉત્તર અને હિમાલયના દક્ષિણમાં સ્થિત છે તેનું નામ ભારત છે અને તેની સંતતિ ભારતીય કહેવાય છે.)

**● સીલોનનું લંકા પછી શ્રીલંકા થયું છે...**

કહેવાનું તાત્પર્ય એટલું છે કે ઈન્ડિયાનું નામ બદલીને ભારત રાખવામાં આવે કે હિન્દુસ્તાન રાખવામાં આવે તો કોઈને વાંધો હોવો જોઈએ નહીં, પરંતુ વિશ્વના દેશોમાં આપણી પ્રતિષ્ઠા ઈન્ડિયાથી વધી છે. આખું વિશ્વ ઈન્ડિયાના નામથી દેશને ઓળખે છે. આટલા વર્ષો પછી નામકરણ કરવાનું અજુગતુ લાગે તે સ્વાભાવિક છે. શ્રીલંકાનું નામ પહેલાં સીલોન હતું પરંતુ ૧૯૭૨માં સીલોનનું નામ બદલીને પહેલાં લંકા કરવામાં આવ્યું હતું પરંતુ ૧૯૭૮માં તેની આગળ શ્રી લગાડીને શ્રીલંકા કરવામાં આવ્યું હતું. ઈન્ડિયાનું નામ પણ જો સદીઓ પહેલાં બદલાયું હોત તો વિશ્વ તેને ભારત કે હિન્દુસ્તાનના નામથી ઓળખતું હોત...